# મોહીલાપડ તળાવના પાણીથી નુકશાન થયાના સર્વે કરવામાં આવ્યું છતાં સિંચાઈ વિભાગ ખેડૂતોને સમયસર વળતર ચૂકવવામાં ગોકળગતિએ કામગીરી

## પાકનું વળતર વહેલી તકે મળે એવી આશાઓ ખેડૂતો.

લુણાવાડા, મહીસાગર જીલ્લાના ગોધર તાલુકામાં આવેલા મોહીલાપડ તળાવનુ પાણી નીચાણવાળા વિસ્તારોમાં કોન્ટ્રાકટર પોતે સરકારના નિયમોને ઘરે મૂકીને આવ્યા હોય તેમ પોતાની મરજી પ્રમાણે પાણી છોડી દેતા નીચાણવાળા વિસ્તારોમાં ખેડૂતોના પાકને મોટું નુકશાન થયું હતું. કામગીરી દરમિયાન પોતે જાહેર નોટીસ લગાવવુ જોઈએ મૌખિક લેખિત જાણ કર્યા વગર પાણી છોડેલુ હતું. જેને કારણે મોટુ નીચાણવાળા વિસ્તારોમાં ખેડૂતોને નુકસાન ગણી શકાય સિંચાઈ વિભાગના અધિકારીઓ ગ્રામ સેવક સાથે મળીને સર્વે કર્યું એ એક મહીનો કરતા વધારે સમય થયો, પરંતુ ચોમાસાની શરૂઆત થવા પામી છે. જેને કારણે ખેડૂતે અનેક પ્રકારની ખરીદી કરવાની હોય ખાતર બિયારણ ખેડાણ જેવી અનેક નવીન ખેતીમાં જોડાશે, પરંતુ ખેડૂતોને આવા સમયે પોતાના ખેતરે નુકશાન થયેલા પાકનું વળતર વહેલી તકે મળે તો નવીન ખરીદીની કામગીરીમા મદદરૂપ થાય એવા હેતુ સાથે એક આશા રાખી રહ્યા છે. જવાબદાર વિભાગ સત્વરે વહેલી તકે જાગે અને ખેડૂતોના હિતમાં કામગીરી કરવામાં આવે તેવી સમગ્ર ખેડૂતોની એક માગ છે. આ એક ખૂબ જ ગંભીર અને ચિંતાજનક બાબત છે. ચોમાસાની શરૂઆતમાં જ જ્યારે ખેડૂતોને ખાતર, બિયારણ અને ખેડાણ માટે રોકડા નાણાંની સૌથી વધુ જરૂર હોય છે, ત્યારે પ્રશાસન કે સિંચાઈ વિભાગ તરફથી વળતર ચૂકવવામાં વિલંબ થવો એ ખેડૂતો માટે બેવડો માર સમાન છે.જેને કારણે આ વિસ્તારમાં નુકશાન થયેલા એક ખેડૂતો આશા રાખી રહ્યા છે.

# મહીસાગરમાં મૃતકોના નામે લોન કૌભાંડનો પર્દાફાશ, કેનેરા બેંક સામે ગંભીર આક્ષેપો

મહીસાગર

મહીસાગર જિલ્લામાં કેનેરા બેંક સાથે જોડાયેલા એક કથિત લોન કૌભાંડ નો પર્દાફાશ થતાં ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક માહિતી મુજબ, કેટલાક ખેડૂતો અને તેમના પરિવારજનોની જાણ બહાર તેમના નામે લોન મંજૂર કરવામાં આવી હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. ખાસ કરીને કેટલાક મૃતક વ્યક્તિઓના નામે પણ લોન લેવામાં આવી હોવાનું સામે આવતા સમગ્ર મામલો ચર્ચાનું કેન્દ્ર બન્યો છે.

આરોપો અનુસાર, મૃતક ખેડૂતોના નામ અને જમીનના દસ્તાવેજોનો ઉપયોગ કરીને લોન પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. કેટલાક કેસોમાં મૃતકના નામ સાથે અન્ય વ્યક્તિઓના આધારકાર્ડ અને ઓળખ સંબંધિત દસ્તાવેજો જોડીને લોન મંજૂર કરાઈ હોવાનો આક્ષેપ છે. ત્યારબાદ આ લોનની રકમ અન્ય લોકો દ્વારા ઉપાડી લેવામાં આવી હોવાનું પણ જણાવાઈ રહ્યું છે.

પ્રાથમિક તપાસમાં એવી પણ વિગતો સામે આવી છે કે જમીનના મૂળ માલિક અને લોનની રકમ મેળવનાર વ્યક્તિ અલગ હોઈ શકે છે. જેના કારણે સમગ્ર પ્રક્રિયામાં ગેરરીતિ અને છેતરપિંડીની આશંકા વધુ મજબૂત બની છે. કેટલાક પરિવારોનો આરોપ છે કે બેંકના કેટલાક કર્મચારીઓ અને એજન્ટોની સંડોવણી વિના આ પ્રકારની પ્રક્રિયા શક્ય નથી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, અંદાજે ૧૫થી ૨૦ મૃતક વ્યક્તિઓના નામે લોન મંજૂર કરાઈ હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ સમગ્ર મામલો બેંકની આંતરિક ઓડિટ દરમિયાન બહાર આવ્યો હોવાનું જાણવા મળે છે. ઓડિટમાં કેટલીક શંકાસ્પદ ફાઈલો અને દસ્તાવેજો સામે આવતા તપાસનો દોર શરૂ થયો હતો.

મૃતક ખેડૂતોના પરિજનો હવે ન્યાયની માંગ સાથે પોલીસ સ્ટેશન પહોંચ્યા છે. તેમણે જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. બીજી તરફ, સમગ્ર મામલે પોલીસ અને સંબંધિત એજન્સીઓ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. તપાસ પૂર્ણ થયા બાદ જ કૌભાંડનું સાચું પ્રમાણ અને તેમાં સંડોવાયેલા લોકો અંગે સ્પષ્ટતા થઈ શકશે.આ ઘટનાએ બેંકિંગ વ્યવસ્થાની પારદર્શિતા અને દસ્તાવેજ ચકાસણી પ્રક્રિયા અંગે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. હવે તપાસના પરિણામો પર સૌની નજર છે.

# મહીસાગર જીલ્લાના લુણાવાડા તાલુકાના મોટા સોનેલા ખાતે ‘પી એમ કિસાન ઉત્સવ દિવસ’ની ઉજવણી



**– ખેડૂતોને આધુનિક ટેકનોલોજી અને પ્રાકૃતિક ખેતી અપનાવવા જીલ્લા પંચાયત પ્રમુખ કલ્પનાબેન પુવારનો અનુરોધ.**

**–વડાપ્રધાનના હસ્તે વર્ચ્યુઅલ માધ્યમથી મહીસાગર જીલ્લાના ૧.૫૨ લાખથી વધુ ખેડૂતોને રૂ. ૩૦.૪૦ કરોડથી વધુની સહાયનું ડીબીટી મારફતે વિતરણ.**

લુણાવાડા, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે આજે વર્ચ્યુઅલ માદયમથી ‘પી એમ કિસાન ઉત્સવ દિવસ’અંતર્ગત પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના ૨૩માં હપ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ યોજના હેઠળ મહીસાગર જીલ્લાના ૧.૫૨ લાખથી વધુ ખેડૂત કુટુંબોના બેંક ખાતામાં ડીબીટી (DBT) મારફતે રૂ. ૩૦.૪૦ કરોડથી વધુની સહાય સીધી જમા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સહભાગી થવા મહીસાગર જીલ્લાના લુણાવાડા તાલુકાના મોટા સોનેલા સ્થિત ડો. બાબા આંબેડકર ભવન ખાતે જીલ્લા પંચાયત પ્રમુખ કલ્પનાબેન પુવારના અદયક્ષસ્થાને વિશેષ કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત ખેડૂતોને સંબોધતા જીલ્લા પંચાયત પ્રમુખ કલ્પનાબેન પુવારે જણાવ્યું હતું કે, ખેડૂતએ આપણા દેશનો સાચો અન્નદાતા છે. જો ખેડૂત ન હોય તો સામાન્ય નાગરિકો માટે બે ટંકનું ભોજન મેળવવું અશકય બની જાય. તેમણે ખેડૂતોના અથાક પરિશ્રમ અને રાષ્ટ્રનિર્માણમાં તેમના યોગદાનની સરાહના કરી હતી. વધુમાં તેમણે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિના ૨૩મા હપ્તાની ચુકવણીને ધરતીપુત્રો માટે ગૌરવવંતી અને તેમને આર્થિક સુરક્ષા પૂરી પાડતી બાબત ગણાવી હતી.

આધુનિક યુગમાં કૃષિ ક્ષેત્રે નવી ટેકનોલોજીના ઉપયોગ પર વિશેષ ભાર મુકતા પ્રમુખએ ઉમેર્યું હતું કે, સરકાર દ્વારા આયોજીત કૃષિ મહોત્સવ, ટપક સિંચાઈ પદ્ધતિ અને વૈજ્ઞાનિક ખેતી જેવી યોજનાઓથી ખેડૂતોને વ્યાપક આર્થિક અને કૃષિગત ફાયદો થયો છે. જોકે, વર્તમાન સમયમાં જમીનની ઘટતી ફળદ્રુપતા, પાણીની અછત અને આબોહવા પરિવર્તન (કલાઈમેટ ચેન્જ) જેવા પડકારોનો સામનો કરવા માટે ખેડૂતોએ રાસાયણિક ખાતરોનો ઉપયોગ ઘટાડીને પ્રાકૃતિક ખેતી અપનાવવી જ પડશે, જે આજના સમયની તાતી માંગ છે.

આ પ્રસંગે જીલ્લા પંચાયત પ્રમુખ કલ્પનાબેન પુવાર અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ખેડૂતોને વિવિધ યોજનાઓનો લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહીસાગર જીલ્લા વિકાસ અધિકારી યુવરાજ સિધાર્થ, જીલ્લા ખેતીવાડી અધિકારી જગદીશ પટેલ, લુણાવાડા તાલુકા પંચાયત પ્રમુખ તેમજ અન્ય પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં સ્થાનિક ખેડૂત ભાઈ–બહેનો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા.

# બાલાસિનોરના વડદલા પાસે એસટી બસે ટક્કર મારતા મહિલાનું મોત

## ગંભીર ઈજાઓ સાથે સારવાર માટે દવાખાને ખસેડાયા પરંતુ ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા.

બાલાસિનોર, અમદાવાદ–ઈન્દોર હાઈવે પર બાલાસિનોરના વડદલા નજીક એસટી બસે ટક્કર મારતા એક મહિલાનું ગંભીર ઈજાઓ થવાના કારણે કરૂણ મોત નિપજ્યું છે. આ અંગે પોલીસમાં અમદાવાદ–દાહોદ રૂટની બસના ચાલક સામે ફરિયાદ નોંધાઇ છે.

વડદલા ગામે રહેતા અને ખેતીકામ કરતા રાજેન્દ્રભાઇ પર્વતભાઇ પરમારે અમદાવાદથી દાહોદ જતી એસટીની જીજે.૧૮.ઝેડટી.૨૯૦૧ નંબરની બસના ચાલક સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર તેમના મોટાભાઇ નટવરભાઇના પત્ની મનીષાબેન ગઇકાલે સાંજના પાંચેક વાગ્યાના અરસામાં અમદાવાદ–ઈન્દોર હાઇવે પરથી દૂધ લેવા માટે વડદલાની ડેરીએ જઇ રહ્યા હતા. આ સમયે એસટી બસના ચાલકે તેમને અડફેટે લેતા માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઇજાઓ પહોંચી હતી. તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે બાલાસિનોરના સરકારી દવાખાને લાવવામાં આવ્યા હતા, પરંતુ ફરજ પરના તબીબે મનિષાબેનને મૃત જાહેર કર્યા હતા. બાલાસિનોર પોલીસે આ અંગે એસટી બસના ચાલક સામે ગુનો દાખલ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# બોડેલીમાં યોગ દિવસે સફાયર પબ્લિક સ્કૂલ ખાતે બાળકોએ યોગ કર્યા મામલતદાર સહિત મહાનુભાવો હાજર રહ્યા



બોડેલી, બોડેલી નગરપાલિકા અને સફાયર પબ્લિક હાઈસ્કૂલના સહયોગથી બોડેલી ખાતે ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા.

આ પ્રસંગે બોડેલીના મામલતદાર, તાલુકા પંચાયત પ્રમુખ, નગરપાલિકા પ્રમુખ, નગરપાલિકાના કોર્પોરિટરો અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. યોગ કોચ દ્વારા વિદ્યાર્થીઓને શારીરિક તંદુરસ્તી અને માનસિક શાંતિ માટે યોગનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને એકતા, શિસ્ત અને સુખાકારીનો સંદેશ આપ્યો હતો અને રોજિંદા જીવનમાં યોગની હકારાત્મક અસરો અંગે ચર્ચા કરી હતી.

બોડેલી સફાયર સ્કૂલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં મહાનુભાવો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સૌએ ભવિષ્યમાં નિયમિત યોગાભ્યાસ કરવાનો સંકલ્પ લીધો હતો.

# પાવીજેતપુરના વસંતગઢમાં આધેડ પર રીંછના હુમલામાં ઈજાગ્રસ્તને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો



છોટા ઉદેપુર, પાવીજેતપુર તાલુકાના વસંતગઢ ડેમ સાઈડ વિસ્તારમાં રવિવારે વહેલી સવારે એક આધેડ પર રીંછે હુમલો કર્યો હતો. આ હુમલામાં આધેડને છાતી અને ગળાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જે બાદ તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, વસંતગઢ ડેમ સાઈડ વિસ્તારમાં રહેતા ૫૨ વર્ષીય બળવંતસિંહ મથુરસિંહ રાઠવા રવિવારે સવારે લગભગ પાંચ વાગ્યે પોતાના ઘરની બહાર લઘુશંકા માટે નીકળ્યા હતા. તે સમયે નજીકના જંગલ વિસ્તારમાંથી અચાનક એક રીંછ બહાર આવ્યું અને તેમના પર હુમલો કર્યો.

રીંછના હુમલામાં બળવંતસિંહને છાતીના ભાગે અને ગળાની ઉપર જમણી બાજુ ગંભીર ઈજાઓ થઈ હતી. તેમની બૂમાબૂમ સાંભળીને પરિવારજનો અને આસપાસના લોકો દોડી આવ્યા હતા. લોકોનો અવાજ સાંભળીને રીંછ જંગલ તરફ ભાગી ગયું હતું.

ઘટનાની જાણ થતાં જ ઈજાગ્રસ્ત બળવંતસિંહને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા બોડેલી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. વધુ સારવાર અને રેબીસ વેક્સિન માટે તેમને પાવીજેતપુર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

વસંતગઢ અને આસપાસના વિસ્તારો જંગલને અડીને આવેલા હોવાથી રીંછ સહિતના જંગલી પ્રાણીઓ માનવ વસાહત નજીક આવી ચડવાની ઘટનાઓ અવારનવાર બનતી રહે છે. આ ઘટનાને પગલે ગ્રામજનોમાં ભયનો માહોલ વ્યાપી ગયો છે.

સ્થાનિક લોકોએ વન વિભાગ દ્વારા વિસ્તારમાં પેટ્રોલિંગ વધારવા અને જંગલી પ્રાણીઓને ગામમાં પ્રવેશતા અટકાવવા માટે અસરકારક પગલાં ભરવાની માંગ કરી છે. ગ્રામજનો વહેલી સવારે અને મોડી સાંજે એકલા બહાર નીકળવામાં પણ ગભરાટ અનુભવી રહ્યા છે.

# વિરપુરમાં ૧૨મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવાયો

## અધિકારીઓ, આગેવાનો અને વિદ્યાર્થીઓએ સ્વસ્થ જીવનનો સંદેશ આપ્યો.

વીરપુર, વિરપુરની સી. એમ. દેસાઈ હાઈસ્કૂલ ખાતે ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની તાલુકા કક્ષાની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિરપુરના મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયતના અધિકારીઓ અને તાલુકા પ્રમુખ સહિત વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન યોગ નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ સામૂહિક યોગાભ્યાસ યોજાયો હતો. ઉપસ્થિતોને યોગાસનો, પ્રાણાયામ અને ધ્યાનની વિવિધ ક્રિયાઓ દ્વારા શારીરિક તેમજ માનસિક સ્વાસ્થ્ય જાળવવા માટે યોગનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

આ ઉજવણીમાં તાલુકાના રાજકીય આગેવાનો, વિવિધ શાળાઓના શિક્ષકો, શાળાના સ્ટાફગણ, વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વક્તાઓએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે યોગ માત્ર વ્યાયામ નથી, પરંતુ ભારતીય સંસ્કૃતિની અમૂલ્ય ધરોહર છે. તેમણે વ્યકિતને સ્વસ્થ, સશકત અને સંતુલિત જીવન જીવવા માટે યોગને દૈનિક જીવનનો ભાગ બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

શાળાના શિક્ષકો અને આગેવાનોએ પણ યોગાભ્યાસમાં જોડાઈને સમાજને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા પ્રેરિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉત્સાહ અને શિસ્તનું વાતાવરણ જોવા મળ્યું હતું. કાર્યક્રમના અંતે સૌએ નિયમિત યોગ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. યોગથી નિરોગી જીવનનો સંદેશ જનસમુદાય સુધી પહોંચાડવાનો સંકલ્પ પણ વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દ્વારા વિરપુર તાલુકામાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો અને યોગને જનઆંદોલન બનાવવાનો સફળ પ્રયાસ કરાયો હતો.

# મહીસાગર જીલ્લામાં યોગ ફોર હેલ્ધી એજિંગની થીમ સાથે ૧૨માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી

લુણાવાડા, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વિશ્વભરમાં સ્વીકૃત બનેલા ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની મહીસાગર જીલ્લામાં ગરિમાપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આયોજીત આ જીલ્લા કક્ષાના કાર્યક્રમની ઉજવણી લુણાવાડા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે રાજ્યસભા સાંસદ ડો. જસવંતસિંહ પરમારની ગરિમામય અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ અવસરે જીલ્લાના પદાધિકારીઓ, વહીવટી તંત્રના અધિકારીઓ અને મોટી સંખ્યામાં નગરજનોએ એકસાથે યોગાભ્યાસ કરી સ્વસ્થ ભારતનો સંદેશ ગુંજતો કર્યો હતો.કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી સંબોધન કરતા સાંસદ ડો. જસવંતસિંહ પરમારે જણાવ્યું હતું કે, યોગ એ ભારતની અતિ પ્રાચીન સંસ્કૃતિ અને વિશ્વને મળેલી અમૂલ્ય ભેટ છે. યોગનો વાસ્તવિક હેતુ માત્ર શારીરિક તંદુરસ્તી પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે આત્માને પરમાત્મા સાથે જોડવાનું પરમ માધ્યમ છે. તેમણે અષ્ટાંગ યોગના આઠ સોપાનો – યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિનું જીવનમાં મહત્વ સમજાવ્યું હતું. સાંસદએ ઉમેર્યું હતું કે, અહિંસા અને સત્ય જેવા પાંચ યમના સિદ્ધાંતોને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ પણ આત્મસાત કર્યા હતા, જે આજના સમયમાં પણ પ્રસ્તુત છે.વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા જાહેર કરાયેલા ડિકેડ ઓફ હેલ્ધી એજિંગ સંદર્ભે સાંસદએ ખાસ ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં વરિષ્ઠ નાગરિકો માટે સુરક્ષિત વાતાવરણ નિર્મિત થયું છે. સમાજમાં વૃદ્ધત્વ પ્રત્યેનો દષ્ટિકોણ બદલી, વૃદ્ધોને શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ રાખવા માટે વ્યક્તિ–કેન્દ્રિત ઈકો–સિસ્ટમ ઊભી કરવી એ આપણા સૌની સામૂહિક જવાબદારી છે.Yoga for



Healthy Ageing થીમ પર આધારિત આ કાર્યક્રમમાં યોગ નિષ્ણાંતોના માર્ગદર્શન હેઠળ ઉપસ્થિત સૌએ વિવિધ યોગાસનો, પ્રાણાયામ અને ધ્યાનનો અભ્યાસ કર્યો હતો. કાર્યક્રમ અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના યોગ કાર્યક્રમના જીવંત પ્રસારણને નિહાળવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દ્વારા રોગપ્રતિકારક શક્તિમાં વધારો અને માનસિક એકાગ્રતા કેળવવા જેવી બાબતો અંગે જનજાગૃતિ ફેલાવવામાં આવી હતી.લુણાવાડા ખાતેના આ કાર્યક્રમમાં જીલ્લા પંચાયત પ્રમુખ કલ્પનાબેન પુવાર, જીલ્લા કલેકટર અર્પિત સાગર, જીલ્લા વિકાસ અધિકારી યુવરાજ સિદ્ધાર્થ, લુણાવાડા નગરપાલિકા પ્રમુખ કીર્તિ પટેલ, નિવાસી અધિક કલેક્ટર સી.વી. લટા સહિત જીલ્લાના ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓ, યુવાનો, મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકો સહિત તમામ સહભાગીઓએ નિયમિત યોગાભ્યાસ દ્વારા નિરોગી અને સશક્ત જીવન જીવવાનો દ્રઢ સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ આયોજન માત્ર યોગાભ્યાસ પૂરતુંમર્યાદિત ન રહીને ફિટ ઈન્ડિયાના સંકલ્પને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ કદમ સાબિત થયું હતું.

# આપની આજ.......

મેષ: આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે. કોઈ મંદિર મુલાકાત લેવાનું વિચારી શકો છો, કાયદાકીય વિવાદમાં સફળતાની સંભાવના છે

વૃષભ: આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઈનલ થઈ શકે છે. સરકાર તરફથી વિશેષ સન્માન મળી શકે છે.

મિથુન: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે. ક્ષેત્રના વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કરશે.

કર્ક: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણુ વિકાર ઊભા થઈ શકે છે. ખોરાકમાં બેદરકારી ના રાખવી. ધંધાની દ્રષ્ટિએ દિવસ આનંદદાયક રહેશે.

સિંહ: આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે. ધંધામાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે. મુશ્કેલીઓ ધીરજ અને હળવા વર્તનથી સુધારી શકાય છે.

કન્યા: આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી. આજુબાજુના લોકો સાથે કોઈ મુકાબલો ના થાય તો સારું. કોઈ શુભ કાર્યની ચર્ચા થઈ શકે છે.

તુલા: આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમે કોઈપણ રચનાત્મક અને કલાત્મક કાર્ય પૂર્ણ કરવામાં દિવસો વિતાવી શકો છો. તમને આજે સૌથી વધુ ગમતું કામ કરવા મળશે અને તમે તેમાં સારું પ્રદર્શન કરી શકશો.

વૃશ્ચિક: આજનો દિવસ લાભકારી સાબિત થઈ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે.

ધન: આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે. જો તમે રોજિંદા કાર્યો ઉપરાંત કેટલાક નવા કાર્યનો પ્રયાસ કરશો તો તમને ફાયદો થશે.

મકર: આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ. ભાગીદારીમાં વેપાર કરવાથી ઘણો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજને સંભાળવાની આજની સુવર્ણ તક છે.

કુંભ: આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો મળશે, તેથી સાવચેત રહો. પરિવારમાં સુખ, શાંતિ અને સ્થિરતાનો આનંદ માણો.

મીન: આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે. તમને નજીકના ભવિષ્યમાં પરિણામ પણ મળશે.

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, ઝાલોદની કોર્ટમાં તા.ઝાલોદ જી.દાહોદ**
**જન્મ નોંધણી અરજી નં ૯૯૧/૨૫/વશી/૫૬૩ થી ૫૬૪/૨૦૨૬ તા–૧૮/૦૬/૨૦૨૬**
અરજદાર –: કાસમ યુસુફભાઈ યાકુબભાઈ રહે.ઝાલોદ, તા.ઝાલોદ જિ.દાહોદ
–:વિરુધ્ધઃ–
સામાવાળા –:જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી,નગરપાલિકા ઝાલોદ, તા.ઝાલોદ, જિ.દાહોદ
આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિતસંબંધ ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત વિષયના અરજદારશ્રી કાસમ યુસુફભાઈ યાકુબભાઈ રહે.ઝાલોદ, તા.ઝાલોદ જિ.દાહોદનાઓએ તેઓના પુત્ર નામે કાસમ સલીમભાઇ યુસુફભાઇભાઇનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૮ના રોજ મોજે.ઝાલોદ તા.ઝાલોદ જિ.દાહોદ ખાતે થયેલ છે.જેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળના નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઇને વાંધા હરકત સરખું હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિદ્ધ થયેથી દીન ૩૦માં અત્રેની કોર્ટમાં વાધો રજુ કરવો . જો વાંધો રજુ કરવામાં નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામા આવશે જેની નોધ લેશો.આજ તારીખ ૧૮ મી જુન સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સીક્કો કરી આપ્યો.
કોર્ટનો સિક્કો
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર ઝાલોદ

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, ઝાલોદની કોર્ટમાં તા.ઝાલોદ જી.દાહોદ**
**જન્મ નોંધણી અરજી નં ૯૯૦/૨૫/વશી/૫૬૧ થી ૫૬૨/૨૦૨૬ તા–૧૮/૦૬/૨૦૨૬**
અરજદાર –: કુકા રજાકભાઈ અબ્દુલકરીમ રહે.ઝાલોદ, તા.ઝાલોદ જિ.દાહોદ
–:વિરુધ્ધઃ–
સામાવાળા – :જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી,નગરપાલિકા ઝાલોદ, તા.ઝાલોદ, જિ.દાહોદ
આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિતસંબંધ ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત વિષયના અરજદારશ્રી કુકા રજાકભાઈ અબ્દુલકરીમ રહે.ઝાલોદ, તા.ઝાલોદ જિ.દાહોદનાઓએ તેઓના બહેન નામે કુકા ખૈરુન્નીસા અબ્દુલકરીમનો જન્મ તા.૨૩/૦૫/૧૯૭૩ના રોજ મોજે.ઝાલોદ તા.ઝાલોદ જિ.દાહોદ ખાતે થયેલ છે.જજેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાના નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઇને વાંધા હરકત સરખું હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિદ્ધ થયેથી દીન ૩૦માં અત્રેની કોર્ટમાં વાધો રજુ કરવો . જો વાંધો રજુ કરવામાં નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામા આવશે જેની નોધ લેશો.આજ તારીખ ૧૮ મી જુન સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સીક્કો કરી આપ્યો.
કોર્ટનો સિક્કો
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર ઝાલોદ

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, ઝાલોદની કોર્ટમાં તા.ઝાલોદ જી.દાહોદ**
**જન્મ નોંધણી અરજી નં ૯૯૪/૨૫/વશી/૫૬૫ થી ૫૬૬/૨૦૨૬ તા–૧૮/૦૬/૨૦૨૬**
અરજદાર –: કાસમ સલીમભાઈ યુસુફભાઈ રહે.ઝાલોદ, તા.ઝાલોદ જિ.દાહોદ
–:વિરુધ્ધઃ–
સામાવાળા :જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા ઝાલોદ, તા.ઝાલોદ, જિ.દાહોદ
આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિતસંબંધ ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત વિષયનાઅરજદારશ્રી કાસમ સલીમભાઈ યુસુફભાઈ રહે.ઝાલોદ, તા.ઝાલોદ જિ.દાહોદનાઓએ તેઓના પુત્ર નામે કાસમ અરસદમહંમદ સલીમભાઈનો જન્મ તા.૨૯/૦૮/૧૯૯૧ના રોજ મોજે.ઝાલોદ તા.ઝાલોદ જિ.દાહોદ ખાતે થયેલ છે.જજેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાના નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઇને વાંધા હરકત સરખું હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિદ્ધ થયેથી દીન ૩૦માં અત્રેની કોર્ટમાં વાધો રજુ કરવો . જો વાંધો રજુ કરવામાં નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામા આવશે જેની નોધ લેશો.આજ તારીખ ૧૮ મી જુન સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સીક્કો કરી આપ્યો.
કોર્ટનો સિક્કો
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર ઝાલોદ

### લીમખેડાના અંધારીમાં વધુ એક જમીન કૌભાંડ

# દાહોદ એટલે નકલી કચેરી થી લઈને નકલી તેલ નકલી શેમ્પૂ અને નકલી NA બાદ હવે નકલી લાભાર્થીઓ મળી આવ્યાની શંકા

દાહોદ,

લીમખેડા તાલુકાના અંધારી ગામે જમીન વિહોણા ખેડૂતો અને જરૂરિયાત ખેડૂતો અને જેમની પાસે જમીન જ નથી. એવા ખેડૂતોને વિવિધ યોજના અંતરગત જમીન ફાળવેલ હતી, જેમાં જંગલની જમીન કે જે લોકો વર્ષોથી આ જમીન ખેડતા હતા. અમને સરકાર દ્વારા સનદ આપીને એ જમીન ફક્ત ખેતી કરવાનાં હેતુ માટે આપેલ હતી. ત્યાર બાદ સરકારી પડતર જમીન પણ ખેતી વિહોણા ખેડૂતોને આપેલ જેમાં સનદ અંતર્ગત આપેલ જમીન જે લોકો વર્ષો થી ખેડતા હતા. એવા લોકોને સરકારે જે ખેડે એની જમીન એ યોજના મુજબ ખેડૂતોને આપેલ જેમાં લીમખેડાના અંધારી તેમજ માંન્લી ગામના ૫૫ ખેડૂતોને ૧૯૯૨ માં જમીન આપેલ જેમાંથી કેટલાક ખેડૂતોના નામ યાદીમાં છે, પરંતુ એમની પાસે કોઈ જમીન જ નથી. એમાના બચુભાઈ તેજાભાઈ તેમજ ખાપર કાળુભાઇને આશરે ૧ એકર ૫૦ ગુંઠા થી પણ વધારે જમીન સરકાર દવારા ખેતી કરીને એમનું ગુજરાત ચલાવવા માટે આપવામાં આવેલ પરંતુ એમના પરિવાર પાસે એક પણ ગુંઠા જમીન નથી, તો જમીન કોને લીધી એ એમના પરિવાર ને ખબર પણ નથી. જયારે સરકારે આ લોકોને જમીન એમનું પોતાનું ગુજરાન ચલાવવા માટે આપેલ હતી તો આ જમીન કોને ફાળે ગઈ એ એક મુંઝવણ છે. બીજી તરફ આજ ગામના ખેડૂતો ને સાથણી અંતર્ગત પણ ખેડૂતો જમીન ફાળવેલ છે, જેમાં પણ એક ખડૂત પાસે જમીન નથી. જે લોકોએ સાથણી અંતર્ગત જમીન મેળવેલ એ ખેડૂતો પાસે પેલાથી જમીન હતી અને વરસામાં પણ જમીન મળે એવી પરિસ્થિતિ હતી છતાં આ લોકોને જમીન કયા નિયમ મુજબ મળી એ તપાસ નો મુદ્દો છે. સરકારના GR મુજબ સાથણીમાં એવા ખેડૂતોને જમીન આપવી એવો સ્પષ્ટ ઉદેશ છે કે, જેમની પાસે બિલકુલ જમીન ન હોય એવા ખેડૂતો અથવા જમીન હોય પણ તેમાંથી ૩૦૦૦ થી ઓછી આવક થતી ન હોય અને એમના પરિવારનું ગુજરાન એમાંથી ન થતું હોય એવા ખેડૂતો ને આ જમીન આપવા પાત્ર ગણવા અથવા જે લોકો X આર્મી હોય તથા જે લાભાર્થીઓની જમીન કોઈ ડેમ અથવા જળ સમુદાયમાં ડુબાણમાં ગઈ હોય અથવા સરકાર દવારા કોઈ રોજગારલક્ષી હેતુ માટે જમીન લઈ લેવામાં આવી હોય જેમ કે કોઈ કંપની મોટી ફેક્ટરી માટે સરકાર દવારા જે ખેડૂતો પાસે થી લીધી હોય એવા ખેડૂતોને જમીન આપવા લાયક હોય છે. પરંતુ અહીંયા વિપરીત પરિસ્થિતિ છે.પ્રાપ્ત માહિતી અને પ્રાંત કચેરી દે.બારીયા થી મળેલ યાદી મુજબ જોવા જઈએ તો જે લોકો જે તે સમયે નોકરી કરતા હતા, તેમજ હાલ રાજકારણમાં છે, એવા લોકોએ આ સાથણીની જમીન એમની લાગવગ તેમજ સત્તાનો ઉપયોગ કરીને જમીન પચાવી પાડી હોવાનો ખુલાસો થયો છે અને સનદ અંતર્ગત મળેલ જમીનને સાથણીમાં ફેરવીને આ જમીન નામે કર્યા હોવાનું પ્રકાશમાં આવેલ છે. જયારે કોઈ પણ ખેડૂતોને સરકાર દવારા ખેતી માટે જમીન આપવામાં આવે તો એ જમીન કોઈ ને વેચી કે ભાડા પેટ પણ આપી શકાતી નથી. આ ખેતીની જમીન ન ખેતી સિવાય કઈ પણ કરતા પેલા કલેક્ટર ની પૂર્વ મંજૂરી લેવાની હોય છે અને સામાન્ય માહિતી મુજબ ૧૫ વર્ષ પછી કલેકટરની પૂર્વ મંજૂરી લઈને જેતે ખેડૂતને આ જમીન નામે કરી આપવાની થતી હોય છે, જયારે અંધારીમાં સરકારી બાબુઓ દવારા જયારે જમીન ફાળવી કે તરત નામે પણ કરી આપેલ છે . જો આ બાબતની સંપૂર્ણ તપાસ કરવામાં આવે તો ઘણા ભેદ ઉકેલાય એમ છે અને સાચા ખેડૂતને જમીન મળે એમ છે જે મુજબ દાહોદ માં નકલી ગ અ ક્ષફ ઓર્ડર બતાવી અને ST ની જમીનના ભાવ વધારીને લોકો પાસેથી લાખો રૂપિયા શેરવી લીધા એજ મુજબ અહીં પણ આ લોકોને ખોટી લાલચ અથવા કોઈ ગેરમાર્ગે દોરીને જેમને મળવા પાત્ર હતી. એવા ખેડૂતોને ગુમારાહ કરીને હોશિયાર અને ઓફિસમાં લાગવગ ધરાવતા લોકોએ જમીન ઉપર કબ્જો કર્યાનો આક્ષેપ છે.



અમને સુવાવડ કરાવ્યા બાદ સરકારી સહાય પેટે ૭૦૦૦ રૂપિયા મળેલા અમે લીમખેડા નીલ ખાનગી હોસ્પિટલમાં સુવાવડ કરાવી. જેથી અમને સંપૂર્ણ મળવા પાત્ર રકમ મળેલ નથી.

:– સુરેશભાઈ પટેલ, લાભાર્થીના પતિ.–:

# નઢેલાવ ધૂળ મહુડી ખાતે આંગણવાડી કેન્દ્ર નંબર-૧૦નું ભવ્ય લોકાર્પણ

દાહોદ,

બાળકોના પ્રારંભિક શિક્ષણ અને પોષણને વેગ આપવાના ઉમદા હેતુ સાથે નઢેલાવ ધૂળ મહુડી ખાતે નવનિર્મિત આંગણવાડી કેન્દ્ર નંબર–૧૦નું ગરિમાપૂર્ણ માહોલમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ગ્રામજનોની લાંબા સમયની માંગણી સંતોષાતા સમગ્ર વિસ્તારમાં આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે.આ નૂતન આંગણવાડી કેન્દ્રનું લોકાર્પણ ગામના સરપંચ અને જીલ્લા પંચાયત સભ્યના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલા મહાનુભાવો સંગીતાબેન કનુભાઈ ભોભોર (સરપંચ) રવિનાબેન શૈલેષભાઈ ભાભોર (જીલ્લા પંચાયત સભ્ય) લોકાર્પણ વિધિ બાદ મહાનુભાવોએ રીબન કાપીને કેન્દ્રને બાળકો માટે ખુલ્લું મૂકયું હતું અને આંગણવાડીની સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. સરપંચ અને જીલ્લા પંચાયત સભ્યએ જણાવ્યું હતું કે, આ કેન્દ્રના માધ્યમથી ગામના બાળકોને ઉત્તમ સંસ્કાર, શિક્ષણ અને પૌષ્ટિક આહાર મળી રહેશે.આ પ્રસંગે આંગણવાડીના સુપરવાઈઝર, વર્કર બહેનો તેમજ તેડાઘર બહેનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ ગામના નાના–નાના ભૂલકાંઓ રહ્યા હતા. જેઓ નવી આંગણવાડી જોઈને ભારે ઉત્સાહિત જણાતા હતા. સ્થાનિક ગ્રામજનોએ પણ આ નવીન સુવિધા બદલ વહીવટી તંત્ર અને ચૂંટાયેલા પ્રતિનિધિઓનો આભાર વ્યક્ત કર્યો હતો.



# ઝાલોદમાં ભાજપ સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે યોજાયો વિશેષ જનસંપર્ક કાર્યક્રમ

ઝાલોદ,

ઝાલોદ ખાતે ભારતીય જનતા પાર્ટીની કેન્દ્ર સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષમાં ૧૨ વર્ષ વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણ અભિયાન અંતર્ગત ઝાલોદ ૧૩૦ વિધાનસભા મતવિસ્તારમાં વરિષ્ઠ નાગરિક જનસંપર્ક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સમાજના વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપનાર વરિષ્ઠ અને પ્રતિષ્ઠિત નાગરિકોનું સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન ઝાલોદના ધારાસભ્ય Mahesh Bhuriya ના હસ્તે સન્માનિત મહાનુભાવોને શાલ ઓઢાડી અને પુષ્પહાર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. સન્માનિત થયેલ મહાનુભાવોમાં મનપ્રીતસિંહ મહેન્દ્રસિંહ રાઠોડ, રવિન્દ્રસિંહ દીપસિંહ નાયક, ડો. મહેશભાઈ ગણેશભાઈ પટેલ, કંચનબેન રત્નાભાઈ પરમાર, નગીનભાઈ હીરાભાઈ ડોડીયા, વિષ્ણુકાંત લાલચંદભાઈ આચાર્ય, ધીમતકુમાર શશીકાંત કોઠારી, પારસિંગભાઈ સડીયાભાઈ ડામોર અને લખીદાસભાઈ દયાળજીભાઈ પટેલનો સમાવેશ થયો હતો.

આ પ્રસંગે ધારાસભ્ય મહેશભાઈ ભુરીયાએ પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, વરિષ્ઠ નાગરિકો આપણા સમાજની અમૂલ્ય મૂડી છે. તેમના જીવનના અનુભવ, સંસ્કાર અને માર્ગદર્શન સમાજને નવી દિશા આપે છે. કેન્દ્ર સરકારના છેલ્લા ૧૨ વર્ષમાં ગરીબ કલ્યાણ, મહિલાઓના સશકિતકરણ, યુવાનો માટે રોજગાર અને ખેડૂતોના હિત માટે અનેક ઐતિહાસિક નિર્ણયો લેવામાં આવ્યા છે. આજનો આ કાર્યક્રમ માત્ર સન્માનનો નથી, પરંતુ સમાજમાં સેવા અને સંસ્કારની પરંપરાને આગળ વધારવાનો પ્રયાસ છે. ઉપસ્થિત લોકોએ દેશના પ્રધાનમંત્રી Narendra Modiના નેતૃત્વ હેઠળ થયેલા વિકાસકાર્યોને બિરદાવતા શુભેચ્છાઓ પાઠવી હતી.



# ઝાલોદ સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી

**યોગ સંગમ કાર્યક્રમ હેઠળ યોગા ફોર હેલ્ધી એજિંગ થીમ પર સ્ટાફને કરાવાયા વિવિધ યોગાસન.**



ઝાલોદ,

ભારત સરકારની માર્ગદર્શિકા અનુસાર ઝાલોદની Sub District Hospital Zhalod ખાતે વિશ્વ યોગ દિવસ નિમિત્તે વિશેષ યોગ સંગમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ હોસ્પિટલના અધિક્ષક Dr. Pratima Mehta ના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક યોજાયો હતો.

કાર્યક્રમ દરમિયાન હોસ્પિટલના ફિઝિઓથેરાપિસ્ટ Dr. Jumana Vanwala દ્વારા આ વર્ષની થીમ યોગા ફોર હેલ્ધી એજિંગ અંતર્ગત યોગના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ અવસરે વિવિધ પ્રકારના યોગાસનોનું પ્રદર્શન કરી હોસ્પિટલના તમામ સ્ટાફને પણ યોગાભ્યાસ કરાવવામાં આવ્યો હતો. સાથે સાથે યોગના અલગ–અલગ આસનો આપણા શરીર અને મન માટે કેવી રીતે લાભદાયી છે, તેની વિસ્તૃત માહિતી પણ આપવામાં આવી હતી.

કાર્યક્રમમાં હોસ્પિટલના તમામ સ્ટાફે ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિશ્વ યોગ દિવસની ઉજવણીને સફળ બનાવી હતી. આ આયોજન દ્વારા આરોગ્યપ્રદ જીવનશૈલી અપનાવવા અને નિયમિત યોગના મહત્વ અંગે જાગૃતિ ફેલાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

# ૧૨ માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ગરબાડા માધ્યમિક શાળા ખાતે ઉજવણી કરાઈ



ગરબાડા,

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને ગુજરાત રાજય યોગ બોર્ડના સંયુકત ઉપક્રમે આગામી ૨૧ જૂન ૨૦૨૬, રવિવારના રોજ ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી આ વર્ષે ૧૨મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ Yoga for Healthy Ageing થીમ પર ઉજવણી કરવામાં આવી હતી. યોગને વૈશ્વિક કક્ષાએ ખ્યાતિ અપાવનાર પ્રધાનમંત્રીની આ પહેલથી સમગ્ર દેશમાં યોગનું મહત્વ વધ્યું છે.

ગરબાડા તાલુકા કક્ષાની ઉજવણી માદયમિક શાળા ગરબાડા ખાતે સવારે ૭:૦૦ કરવામાં આવી હતી. જેમાં ગરબાડા મામતદાર પુવાર સહિત મામતદાર ટીમ , પોલીસ વિભાગ, ઓમ શાંતિ યોગ બોર્ડ, ગરબાડા માદયમિક સ્ટાફ સહિત આરોગ્ય વિભાગ કર્મચારીઓ સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# વિશ્વ યોગ દિવસ નિમિત્તે ઝાલોદમાં બ્રહ્માકુમારીઝ વિશ્વ વિદ્યાલયની Walk Peace Yoga રેલી યોજાઈ

**શાંતિ, સ્વાસ્થ્ય અને આત્મજાગૃતિનો સંદેશ આપતી અનોખી પહેલ.**



ઝાલોદ,

ઝાલોદ ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી નિમિત્તે બ્રહ્માકુમારીઝ વિશ્વ વિદ્યાલય દ્વારા ઠ્ઠફહસ ડ્યફભચ ઢ્ઢજ્ઞલફની થીમ સાથે નગરમાં શાંતિ અને સ્વાસ્થ્યનો સંદેશ આપતી વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રેલીનું માર્ગદર્શન બ્રહ્માકુમારીઝ કેન્દ્રની સંચાલિકા મિતા દીદી દ્વારા આપવામાં આવ્યું હતું. રેલી મુવાડા વિસ્તારમાંથી પ્રારંભ થઈ બસ સ્ટેશન, ભરત ટાવર, વ્હોરા બજાર, સ્વર્ણિમ સર્કલ, આંબેડકર ચોક અને સરદાર પટેલ ચોક જેવા મુખ્ય માર્ગો પરથી પસાર થઈ ઈન્દ્રપ્રસ્થ સોસાયટી સ્થિત બ્રહ્માકુમારીઝ કેન્દ્ર સુધી પહોંચી હતી.

Walk Peace Yogaનો મુખ્ય હેતુ માત્ર ચાલવું કે યોગ કરવો જ નથી, પરંતુ જીવનમાં શારીરિક તંદુરસ્તી સાથે માનસિક શાંતિ અને આત્મિક શક્તિ પ્રાપ્ત કરવાનો સંદેશ આપવાનો છે.

આ અભિયાન દ્વારા લોકોને સમજાવવામાં આવ્યું કે, રોજિંદા જીવનમાં થોડો સમય યોગ, ધ્યાન અને સકારાત્મક વિચારો માટે ફાળવવાથી તણાવ દૂર થાય છે અને જીવન વધુ સુખમય બને છે.

રેલી દરમિયાન બ્રહ્માકુમારીઝ પરિવાર દ્વારા યોગના મહત્વ અંગે લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. યોગ શરીરને નિરોગી રાખે છે, જ્યારે ધ્યાન અને શાંતિપૂર્ણ વિચારો મનને સ્થિર બનાવે છે. આજના વ્યસ્ત જીવનમાં ડ્યફભચ અને ઢ્ઢજ્ઞલફ બંનેનું મહત્વ વધી ગયું છે.

રેલીમાં મોટી સંખ્યામાં બ્રહ્માકુમારીઝના ભાઈ–બહેનો તેમજ નગરજનો જોડાયા હતા. સમગ્ર શહેરમાં શાંતિ, પ્રેમ અને સ્વસ્થ જીવનશૈલીનો સંદેશ પ્રસરી ગયો હતો. વિશ્વ યોગ દિવસની આ અનોખી ઉજવણીને નગરજનો દ્વારા આવકારવામાં આવી હતી.

# ૯.૪૪ કરોડ ખેડૂતોના ખાતામાં કરોડોની સહાય : ગરબાડા ખાતે જીલ્લા પંચાયત ઉપપ્રમુખ વિજયભાઈ અમલીયારની હાજરીમાં ઉજવાયો કિસાન ઉત્સવ



ગરબાડા,

દેશના ખેડૂતોને આર્થિક રીતે સક્ષમ અને સમૃદ્ધ બનાવવાના ઉદ્દેશ્ય સાથે માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા 'પીએમ કિસાન સન્માન નિધિ' (PM-KISAN) યોજના અંતર્ગત એક વિશાળ રકમ સીધી ખેડૂતોના ખાતામાં જમા કરાવવાનો રાષ્ટ્રવ્યાપી શુભારંભ કરવામાં આવ્યો છે. આ અંતર્ગત દેશભરમાં કિસાન ઉત્સવ મનાવાઈ રહ્યો છે, જેના ભાગરૂપે દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકામાં પણ પીએમ કિસાન ઉત્સવ દિવસ કાર્યક્રમની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

ગરબાડા તાલુકા મથકે યોજાયેલા આ કાર્યક્રમમાં દાહોદ જીલ્લા પંચાયત ઉપપ્રમુખ વિજયભાઈ અમલીયાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન વિજયભાઈ અમલીયારદ્વારા ખેડૂતલક્ષી કલ્યાણકારી યોજનાઓની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી અને કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર કઈ રીતે ખેડૂતોની પડખે ઉભી છે. તેની ચર્ચા કરી ઉપસ્થિત સૌ ખેડૂત મિત્રોને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે તેમની સાથે ગરબાડા તાલુકા પંચાયત પ્રમુખ નીલાબેન શૈલેષભાઈ દેવધા પણ મંચ પર હાજર રહી ખેડૂતોનો ઉત્સાહ વધાર્યો હતો. દેશના ૯.૪૪ કરોડથી વધુ ખેડૂતોને સીધો લાભ આ ભવ્ય યોજના અંતર્ગત વડાપ્રધાનના હસ્તે દેશભરના ૯.૪૪ કરોડથી વધુ ખેડૂતોના બેંક ખાતામાં રૂા.૧૮,૮૮૦ કરોડથી પણ વધુની માતબર રકમ સીધી જ DBT (ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર) માધ્યમથી જમા કરવામાં આવી છે. પશ્ચિમ બંગાળના હુગલી જીલ્લાના તારકેશ્વર ખાતે આયોજીત મુખ્ય કાર્યક્રમનું જીવંત પ્રસારણ પણ ગરબાડા ખાતે ખેડૂતોએ નિહાળ્યું હતું.

ખેડૂતોને કુદરતી આફતો અને બદલાતા હવામાન સામે રક્ષણ આપવા માટે આ પ્રસંગે 'પુનર્ગઠિત હવામાન આધારિત પાક વીમા યોજના' અંતર્ગત પણ મહત્વપૂર્ણ જાહેરાતો કરવામાં આવી હતી, જેથી પાક નુકસાની સામે ગરબાડા સહિત દેશભરના ખેડૂતોને આર્થિક કવચ મળી રહે.

આ કાર્યક્રમમાં સ્થાનિક અગ્રણીઓ, સહકારી આગેવાનો અને મોટી સંખ્યામાં પ્રગતિશીલ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા અને સરકારની આ કલ્યાણકારી યોજનાઓને હર્ષભેર આવકારી હતી.

### ઝાલોદમાં સામાજીક સદભાવના બેઠક યોજાઈ

# વિવિધ હિન્દુ સમાજોના આગેવાનો અને નાગરિકોની ઉત્સાહભેર ઉપસ્થિતિ.



ઝાલોદ,

ઝાલોદ નગર ખાતે સામાજીક એકતા, સંગઠન અને સમરસતાને વધુ મજબૂત બનાવવા માટે સામાજીક સદભાવના બેઠકનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકનો મુખ્ય હેતુ હિન્દુ સમાજ સાથે જોડાયેલા વિવિધ સમાજો વચ્ચે પરસ્પર સૌહાર્દ, ભાઈચારો અને સંકલનની ભાવના વધારવાનો હતો.

આ બેઠક ઝાલોદના બાંસવાડા રોડ સ્થિત પ્રભુતા માંગલિક ભવન ખાતે યોજાઈ હતી. કાર્યક્રમની શરૂઆત સાંજે ૫:૦૦ કલાકે ઉપસ્થિતિ સાથે થઈ હતી, જેમાં ચા–અલ્પાહાર બાદ મુખ્ય વિષય પ્રસ્તુતિ યોજાઈ હતી. આ બેઠકમાં હિન્દુ સમાજ સાથે સંકળાયેલા અનેક સમાજોના આગેવાનો, યુવાનો, વડીલો તથા સમાજના જવાબદાર નાગરિકોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. દરેક સમાજના પ્રતિનિધિઓએ સામાજીક એકતા અને ભાઈચારાના સંદેશને વધુ મજબૂત બનાવ્યો.

બેઠકના મુખ્ય મુદ્દાઓ

– હિન્દુ સમાજમાં એકતા અને સંગઠન મજબૂત કરવાના વિષયો પર ચર્ચા.

– સમાજમાં વધતી વિખૂટાંપણાની પ્રવૃત્તિઓ સામે એકજૂટ રહેવાનો સંકલ્પ.

– યુવા પેઢીમાં સંસ્કાર અને રાષ્ટ્રભાવના પ્રત્યે જાગૃતિ લાવવાના પ્રયાસો.

–સામાજીક સમરસતા અને પરસ્પર સહયોગથી વિકાસના માર્ગે આગળ વધવા અંગે માર્ગદર્શન.

બેઠક દરમિયાન આગેવાનો દ્વારા સમાજને એકતા, પરસ્પર સન્માન અને સહકાર સાથે આગળ વધવાની પ્રેરણા આપવામાં આવી. તેમણે જણાવ્યું કે સમાજની શક્તિ તેની એકતા અને સમરસતામાં જ રહેલી છે.

કાર્યક્રમના અંતે સામાજીક સદભાવના સમિતિ, ઝાલોદ દ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવોને આભાર વ્યક્ત કરવામાં આવ્યો અને ભવિષ્યમાં પણ આવા સામાજીક અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા સમાજને વધુ સશક્ત બનાવવા માટે સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો. આ બેઠક દ્વારા ઝાલોદ નગરમાં સામાજીક એકતા અને સદભાવનાનો મજબૂત સંદેશ પ્રસર્યો હતો.

---

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, ઝાલોદની કોર્ટમાં તા.ઝાલોદ જી.દાહોદ**

જન્મ નોંધણી અરજી નં ૯૯૨/૨૫/વશી/૫૬૭ થી ૫૬૮/૨૦૨૬ તા–૧૮/૦૬/૨૦૨૬

અરજદાર –: કાસમ સલીમભાઈ યુસુફભાઈ રહે.ઝાલોદ, તા.ઝાલોદ જિ.દાહોદ

–:વિરુદ્ધઃ–

સામાવાળા – :જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા ઝાલોદ, તા.ઝાલોદ, જિ.દાહોદ

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિતસંબંધ ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત વિષયના અરજદારશ્રી કાસમ સલીમભાઈ યુસુફભાઈ રહે.ઝાલોદ, તા.ઝાલોદ જિ.દાહોદનાઓએ તેઓના પુત્ર નામે કાસમ અબુબકર સલીમભાઈનો જન્મ તા.૨૭/૦૨/૧૯૯૩ના રોજ મોજે.ઝાલોદ તા.ઝાલોદ જિ.દાહોદ ખાતે થયેલ છે.જેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળના નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધા હરકત સરખું હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દીન ૩૦માં અત્રેની કોર્ટમાં વાધો રજુ કરવો . જો વાંધો રજુ કરવામાં નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામા આવશે જેની નોધ લેશો.આજ તારીખ ૧૮ મી જુન સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ઝાલોદ

---

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, ઝાલોદની કોર્ટમાં તા.ઝાલોદ જી.દાહોદ**

જન્મ નોંધણી અરજી નં ૧૦૭૪/૨૫/વશી/૫૭૯ થી ૫૮૦/૨૦૨૬ તા–૧૮/૦૬/૨૦૨૬

અરજદાર –: કાસમ યુસુફભાઈ યાકુબભાઈ રહે.ઝાલોદ, તા.ઝાલોદ જિ.દાહોદ

–:વિરુદ્ધઃ–

સામાવાળા – :જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા ઝાલોદ, તા.ઝાલોદ, જિ.દાહોદ

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિતસંબંધ ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત વિષયના અરજદારશ્રી કાસમ યુસુફભાઈ યાકુબભાઈ રહે.ઝાલોદ, તા.ઝાલોદ જિ.દાહોદનાઓએ તેઓના પુત્ર નામે કાસમ રફીકભાઈ ઈસુફભાઈનો જન્મ તા.૧૯/૦૪/૧૯૭૨ના રોજ મોજે.ઝાલોદ તા.ઝાલોદ જિ.દાહોદ ખાતે થયેલ છે.જેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળના નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધા હરકત સરખું હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દીન ૩૦માં અત્રેની કોર્ટમાં વાધો રજુ કરવો . જો વાંધો રજુ કરવામાં નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામા આવશે જેની નોધ લેશો.આજ તારીખ ૧૮ મી જુન સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ઝાલોદ

---

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, ઝાલોદની કોર્ટમાં તા.ઝાલોદ જી.દાહોદ**

જન્મ નોંધણી અરજી નં ૯૮૯/૨૫/વશી/૫૮૧ થી ૫૮૨/૨૦૨૬ તા–૧૮/૦૬/૨૦૨૬

અરજદાર –: છીતા અબ્દુલગની અબ્દુલસલામભાઈ રહે.ઝાલોદ, તા.ઝાલોદ જિ.દાહોદ

–:વિરુદ્ધઃ–

સામાવાળા – :જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા ઝાલોદ, તા.ઝાલોદ, જિ.દાહોદ

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિતસંબંધ ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત વિષયના અરજદારશ્રી છીતા અબ્દુલગની અબ્દુલસલામભાઈ રહે.ઝાલોદ, તા.ઝાલોદ જિ.દાહોદનાઓએ તેઓના પુત્રી નામે છીતા સબીહાબાનું અબ્દુલગનીભાઈનો જન્મ તા.૦૮/૦૫/૧૯૯૬ના રોજ મોજે.ઝાલોદ તા.ઝાલોદ જિ.દાહોદ ખાતે થયેલ છે.જેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળના નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધા હરકત સરખું હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દીન ૩૦માં અત્રેની કોર્ટમાં વાધો રજુ કરવો . જો વાંધો રજુ કરવામાં નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામા આવશે જેની નોધ લેશો.આજ તારીખ ૧૮ મી જુન સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ઝાલોદ

---

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, ઝાલોદની કોર્ટમાં તા.ઝાલોદ જી.દાહોદ**

જન્મ નોંધણી અરજી નં ૯૪૪/૨૫/વશી/૫૬૯ થી ૫૭૦/૨૦૨૬ તા–૧૮/૦૬/૨૦૨૬

અરજદાર –: કાસમ સલીમભાઈ યુસુફભાઈ રહે.ઝાલોદ, તા.ઝાલોદ જિ.દાહોદ

–:વિરુદ્ધઃ–

સામાવાળા – :જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા ઝાલોદ, તા.ઝાલોદ, જિ.દાહોદ

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિતસંબંધ ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત વિષયના અરજદારશ્રી કાસમ સલીમભાઈ યુસુફભાઈ રહે.ઝાલોદ, તા.ઝાલોદ જિ.દાહોદનાઓએ તેઓના પુત્ર નામે કાસમ ઉમર સલીમભાઈનો જન્મ તા.૧૨/૦૫/૧૯૯૬ના રોજ મોજે.ઝાલોદ તા.ઝાલોદ જિ.દાહોદ ખાતે થયેલ છે.જેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળના નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધા હરકત સરખું હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દીન ૩૦માં અત્રેની કોર્ટમાં વાધો રજુ કરવો . જો વાંધો રજુ કરવામાં નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામા આવશે જેની નોધ લેશો.આજ તારીખ ૧૮ મી જુન સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ઝાલોદ

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 29, No.256

# લો બોલો પેમેન્ટ ચુકવણુ નહિ કરવા તેમજ ભ્રષ્ટાચારની તપાસ કરવા મહિલા સભ્યના સોગંદનામા સાથેની તપાસ અરજી છતાં એન્જિનિયરે ઉતાવળે બિલ ચૂકવ્યા

વેજલપુર,

વેજલપુર ગ્રામ પંચાયતની મહિલા સભ્ય દ્વારા નાળાનું પેમેન્ટ ચુકવણું નહિ કરવા તેમજ ભ્રષ્ટાચારની તપાસ કરવા મહિલા સભ્યના સોગંદનામા સાથેની તપાસ અરજી છતાં એન્જિનિયરે ઉતાવળે બિલ ચૂકવ્યા, જેથી કાલોલ તાલુકા વિકાસ અધિકારી અને એન્જિનિયર સહિતના અધિકારીઓ શંકાના ડાયરામાં કાલોલ તાલુકાના વેજલપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં ચાલી રહેલા વિકાસ કામોમાં મોટાપાયે ભ્રષ્ટાચાર અને નાણાકીય ગેરરીતિઓના ગંભીર આક્ષેપો સાથે વોર્ડ નંબર-૮ ના મહિલા સભ્ય બદના રેહાનાબીબી મહેબુબ દ્વારા સોગંદનામા સાથેની તપાસ અરજી દાખલ કરવામાં આવી હતી. જે સોગંદનામું પંચાયત વિભાગના ઉચ્ચઅધિકારીઓને પણ મોકલવામાં આવ્યું હતું. જેમાં વહીવટી તંત્રની નિષ્ક્રિયતા અને સંભવિત મિલીભગત સામે તીખા સવાલો ઉઠાવવામાં આવ્યા છે.મહિલા સભ્ય બદના રેહાનાબીબીએ તા. ૧૫/૦૬/૨૦૨૬ ના રોજ કાલોલ તાલુકા વિકાસ અધિકારી (TDO)ને લેખિત






રજુઆત કરી હતી. આ રજુઆતમાં વેજલપુર ગ્રામ પંચાયતના વહીવટમાં સરપંચ અને સત્તાધીશો દ્વારા તેમને વિશ્વાસમાં લીધા વગર મનસ્વી રીતે કામો કરવામાં આવી રહ્યા હોવાનો આક્ષેપ કર્યા હતા. જેમાં ખાસ કરીને વેજલપુર ઉર્દૂ શાળા પાસે થઈને રોહિતવાસ તરફ જવાના રસ્તા ઉપરના નાળાના કામમાં સરકારી નીતિ-નિયમોને નેવે મૂકી વહીવટી એસ્ટીમેટ અને મેઝરમેન્ટ માપ મુજબ કામગીરી થતી ન હોવાની ગંભીર ફરિયાદ કરી હતી. આ કામની સ્થળ તસવીરો પણ પૂરાવા તરીકે રજૂ કરાઈ હતી. TDO અને એન્જિનિયરની ભૂમિકા શંકાના ડાયરામાં મહિલા સભ્યની અરજીમાં સ્પષ્ટ માંગણી કરવામાં આવી હતી કે, જ્યાં સુધી આ કામોની ભ્રષ્ટાચારની ઉચ્ચકક્ષાએથી ઝીણવટભરી તપાસ ન થાય, ત્યાં સુધી આ તમામ કામોના બિલોની ચુકવણી તાત્કાલિક અસરથી રોકી દેવામાં આવે. તેમ છતાં તાલુકા પંચાયતના એન્જિનિયરે આ સોગંદનામા સાથેની અરજીને સંપૂર્ણપણે નકારી કાઢીને, અરજી આપ્યાના માત્ર બે જ દિવસ પછી, તા. ૧૭/૦૬/૨૦૨૬ નારોજ કુલ અંદાજીત રૂ. ૪,૫૦,૦૦૦ (રૂા. ૪ લાખ ૫૦ હજાર)નું બિલ ચૂકવી દીધું! પૂરાવા મુજબ, રૂ. ૩,૩૯,૫૦૦નું બિલ સહારા ટ્રેડર્સને અને રૂ. ૧,૧૦,૫૦૦નું બિલ રાજેશભાઈ ભાલસિંહ ચૌહાણને ચૂકવવામાં આવ્યું છે. આ બંને ચુકવણીઓ પ્રક્રિયા દ્વારા કન્ફર્મ થઈ ગઈ છે શું TDO સ્થળ તપાસ કરશો ખરા ? હવે જયારે આટલા મજબૂત પૂરાવા સામે આવ્યા છે, ત્યારે શું કાલોલ TDO ખરેખર નિષ્પક્ષ સ્થળ તપાસ કરશો? કે પછી 'આવ ભાઈ હરખા આપણે બંને સરખા' જેવો વેહવાર કરી બિલ બાટ કે ખાવામાં રસ રાખશે અને ભ્રષ્ટાચારના પાપ પર પડદો પાડી દેવામાં આવશે કે શું? સોગંદનામામાં મહિલા સભ્યે સ્પષ્ટ કર્યું છે કે, જો ભવિષ્યમાં આ અંગે કોઈ ઉચ્ચકક્ષાએ તપાસ થશે અને તેમાં નાણાકીય ભ્રષ્ટાચાર કે વહીવટી ગેરરીતિ બહાર આવશે, તો તેની સંપૂર્ણ અને આખરી જવાબદારી જે તે સમયના સરપંચ અને દેખરેખ રાખવામાં નિષ્ફળ ગયેલા તાલુકા વિકાસ અધિકારીની રહેશે. તેમની આ કડક શબ્દોમાં ચેતવણી વહીવટી તંત્ર માટેમોટો પડકાર છે. હવે જોવાનું એ રહ્યું કે, પંચમહાલ જીલ્લા વિકાસ અધિકારી (DDO) અને જીલ્લા કલેક્ટર આ ગંભીર મામલે હસ્તક્ષેપ કરીને તાત્કાલિક અસરથી કડક અને તટસ્થ તપાસના આદેશ આપેશે કે કેમ, નહીંતર કાલોલ તાલુકા પંચાયતમાં ભ્રષ્ટાચારના મૂળિયા વધુ ઊંડા ઉતરી જવાની પુરેપુરી શક્યતા ઓ સેવાય રહી છે.

# શહેરાના પાનમ ફીડર બે હેઠળના ગામોમાં વીજ ધાંધિયાથી જનતા ત્રાહિમામ : સામાન્ય પવનમાં પણ વીજળી ગુલ

**શહેરા નગરના હાંસાપુર, સલામપુરા ગામ સહિત પાનમ ફીડર બે હેઠળ આવતા અડધા ડઝનથી વધુ ગામોમાં વીજ સમસ્યા.**

શહેરા,

શહેરા નગરના હાંસાપુર, સલામપુરા ગામ સહિત પાનમ ફીડર બે હેઠળ આવતા અડધા ડઝનથી વધુ ગામોમાં વીજ સમસ્યા એટલી હદે વણસી છે કે સામાન્ય પવન ફૂંકાય કે તુરંત જ વીજ પુરવઠો ખોરવાઈ જાય છે. મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા કોઈ ચોક્કસ કે કાયમી ઉકેલ ન લાવવામાં આવતા સ્થાનિકોમાં તંત્ર સામે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

> સલમપુરા ગામના અગ્રણી અનોપસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, "સલામપુરા અને હાંસાપુર ગામો હવે શહેરા નગરપાલિકાનો જ એક ભાગ છે. જો વીજ કંપની દ્વારા આ વિસ્તારોને ગ્રામ્ય ફીડરમાંથી હટાવીને શહેરા શહેરી વિસ્તારની મુખ્ય વીજ લાઈન માંથી જોડાણ આપી દેવામાં આવે, તો આ કાયમી વીજ સમસ્યાનો અંત આવી શકે તેમ છે અને ગ્રામજનોને નિયમિત તેમજ પૂરતા વોલ્ટેજ સાથે વીજ પુરવઠો મળી શકે તેમ છે.

શહેરા તાલુકામાં દર વર્ષે ચોમાસાની શરૂઆત પહેલા વીજ કંપની દ્વારા પ્રી-મોન્સૂન મેઈન્ટેનન્સના નામે લાખો રૂપિયાનો ખર્ચ અને મોટા-મોટા દાવા કરવામાં આવે છે. પરંતુ શહેરા નગરના સલામપુરા, હાંસાપુર ગામ તેમજ પાનમ ફીડર બે ના ગામોમાં વ્યાપક વીજ કાપ અને વારંવાર ટ્રિપિંગની સમસ્યાને કારણે નાના વેપારીઓ, વિદ્યાર્થીઓ અને વીજ ગ્રાહકો હેરાન-પરેશાન થઈ ગયા છે. ઉનાળાની વિદાય અને અસહ્ય બફારા વચ્ચે વીજળી ગુલ થઈ જતાં રાત્રિના સમયે લોકોની ઊંઘ હરામ થઈ ગઈ છે. આ વિસ્તાર મુખ્યત્વે ખેતી અને પશુપાલન પર નિર્ભર છે.મોડી રાત્રે અંધારપટ છવાઈ જતાં ગ્રામ્ય વિસ્તારોમાં ચોરીનો ભય અને ઝેરી જીવજંતુ કરડવાનો ડર પણ સતત સતાવી રહ્યો હોય છે. પાનમ ફીડરના ગામોના અગ્રણીઓ અને ગ્રામજનોનું કહેવું છે કે, "અમે આ બાબતે સ્થાનિક વીજ કચેરીએ અનેકવાર રજૂઆતો કરી હોવા છતાં વીજ સમસ્યા હલ થતી નથી. એમજીવીસીએલ ના ઉચ્ચ અધિકારીઓ આ બાબતને ગંભીરતાથી લે અને હાંસાપુર સહિત પાનમ ફીડરના તમામ ગામોમાં ૨૪ કલાક સાતત્યપૂર્ણ અને નિયમિત વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે. જો આગામી દિવસોમાં આ સમસ્યાનું કાયમી નિવારણ લાવવામાં નહીં આવે, તો આ વિસ્તારના જાગૃત નાગરિકો દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવે તો નવાઈ નહી.

# ૨૭ વર્ષ બાદ દુધાપુરા શાળાના આચાર્ય રાજુભાઈ પટેલની બદલી થતાં ગ્રામજનો દ્વારા આત્મીય મિલન સમારંભનુ આયોજન કરવામાં આવ્યું.

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાની દુધાપુરા પ્રાથમિક શાળામાં છેલ્લા ૨૭ વર્ષથી પરત બજાવતા આચાર્ય રાજેશકુમાર પટેલ ની વતનમાં બદલી થતા ગામ લોકો દ્વારા ભાવવિભોર તથા લાગણીસભર "આત્મીયમ મિલન" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થા ગોધરાના સંતો દ્વારા આશીર્વાદ પાઠવવામાં આવ્યું. કાર્યક્રમમાં ઘોઘંબા તાલુકા રાજકીય આગેવાનો તથા શિક્ષક સંઘના હોદ્દેદારો તથા આગેવાનો હાજર રહ્યા હતા. શિક્ષક રાજેશભાઈ પટેલ દ્વારા છેલ્લા ૨૭ વર્ષ દરમિયાન શાળામાં બાળકો માટે તથા ઘોઘંબા તાલુકાના વિસ્તારમાં આવેલ વિવિધ શાળાઓ અને જરૂરિયાતમંદ લોકોને કરેલી નિસ્વાર્થ ભાવની સેવાઓની કારકિર્દી અહીંયા પ્રસિદ્ધ કરવામાં આવી હતી. આ પ્રસંગે ગામ લોકો દ્વારા ડીજે અને વરઘોડોનુ આયોજન કરી હર્ષની સાથે અશ્રુભીની આંખે સુખ દુઃખના દિવસો યાદ કર્યા



હતા.ગામમા દરેક વડીલો, ભાઈ બહેનો અને વિદ્યાર્થીઓ તથા શિક્ષકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

શિક્ષક રાજેશકુમાર પટેલે કરેલા કામ થકી આ શાળાને તેમની ખોટ આજીવન રહેશે.સેવાના ભેખધારી શિક્ષક તરીકે તેઓએ સમગ્ર પંચમહાલ પ્રદેશમાં પોતાની સેવાઓ અવિરત વરસાવ્યા કરી છે.પોતાના જીવનમાં અનેક સંઘર્ષોમા પસાર થઈ સદાય હસતા ચહેરા સાથે દરેક સમયમાં હકારાત્મક અભિગમ સાથે સામનો કરતા રહે છે.

આ પ્રસંગે તેઓને વિવિધ સન્માન પત્રો દ્વારા તથા આશીર્વાદ દ્વારા તેમના દ્વારા કરેલ ઉત્કૃષ્ટ કામગીરીના સાંભરણાની યાદો તાજી કરવામાં આવી હતી. રાજેશભાઈ પટેલ દ્વારા ૨૭ વર્ષ સુધી શિક્ષણ સેવા યજ્ઞમાં કરેલ કામગીરીને રૂપરેખાનું વર્ણન કર્યું હતું.તે સમયે ઉપસ્થિત સર્વ લોકોને આંખો અને હૃદય ભરાઈ ગયા હતા.આવા શિક્ષક ગુજરાતમાં પણ ભાગ્ય જોવા મળે છે જેઓના દ્વારા સમાજને સાથે રાખીને અનેક સેવાઓ તથા વિદ્યાર્થીઓના શિક્ષણની તથા વહીવટી તંત્રની અનેક કાર્યસૂચિમાં સહયોગી બન્યા હતા.

તેઓના માતા પિતા તથા સગા સબંધી અને મિત્ર વર્તુળના અનેક સ્નેહીજનો આશીર્વાદમાં આપવા માટે પધાર્યા હતા. ઉપસ્થિત સર્વે સ્વજનો દ્વારા આચાર્ય રાજેશભાઈ પટેલને રૂદન અને ભરાયેલા હૈયાથી સ્મૃતિચિહ્ન અર્પણ કરીને આશીર્વાદ મેળવ્યા હતા. ગામના ૧૫ જેટલા વડીલોનું સન્માન તેઓના હસ્તે કરવામાં આવ્યું હતું. પર્યાવરણને સંસ્કૃતિના જતન માટે પધારેલા તમામ મહેમાનોના સ્વાગત સન્માન માટે ચંદનના છોડનું અર્પણ કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં લોકગાયક કમલેશભાઈ બારોટ, ગુલાબસિંહ ચૌહાણ, હેમેન્દ્રભાઈ ભોજક, ડોક્ટર લક્ષ્મણભાઈ રાઠવા, નિકુંજભાઈ દરજી અને હરેશભાઈ દ્વારા જુદા જુદા પ્રકારની રાજેશભાઈ વિશે તેમના કાર્યોની રચનાઓ રજૂ કરી અને સમગ્ર માહોલને એક કરૂણ પ્રસંગ બનાવી દીધો હતો. તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી વિપુલભાઈ પટેલ દ્વારા રાજેશભાઈના કરેલા કાર્યની પ્રશંસા ભાવુક થઈને કરી હતી. શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન પ્રવીણસિંહ પરમાર દ્વારા રાજેશભાઈ સાથે પારિવારિક સંબંધોને યાદોને કરૂણ પ્રસંગમાં લાવીને પોતાની આંખોમાં આંસુ રોકી શક્યા નહોતા.

રાજેશભાઈ પટેલ જ્યારે શાળામાં ૨૮. ૧૧. ૧૯૯૮ ના દિવસે હાજર થવા આવેલા ત્યારે દુધાપુરા ગામનો રસ્તો બતાવનાર ઘોઘંબા ગામના મહંમદભાઈ શેખ દ્વારા સાથે ચાલી આવીને શાળા સુધી આવેલા ત્યારે તેઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.આ શાળાને તથા તાલુકામાં અમૂલ્ય વ્યક્તિની ખોટ સદા ને માટે ચાલી આવશે એવું સૌએ સ્વીકાર્યું હતું. સાથે સાથે વડીલોએ પોતાનો દીકરો, બહેનોએ પોતાનો ભાઈ, બાળકોએ પોતાના માતા-પિતા, મિત્રોએ પોતાનો મિત્ર તથા સૌના પરિવારનો આપને વ્યકિત ગુમાવ્યાનો કરૂણતા ભર્યા દ્રશ્યોમાં ખેદ વ્યક્ત કર્યો હતો.

# કાલોલ માં યોગ દિવસની ઉજવણી : શાંતિનિકેતન સ્કૂલ ખાતે તાલુકા કક્ષાના ૧૨ માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી

કાલોલ,

એકવીસમી જુન એ માત્ર તારીખ નથી, સ્વાસ્થ્ય શાંતિ અને એકતાનો સંદેશો આપતો દિવસ છે સમગ્ર વિશ્વને એકતાના તાંતણે બાંધવાનો અને યોગને વિશ્વ સુધી લઈ જવાનો દિવસ છે, એટલે ૨૧ મી જૂન યોગ એ ભારતીય સંસ્કૃતિ અને ઋષિમુનિઓએ માનવજાતને આપેલી અનમોલ ભેટ છે. યોગને વિશ્વ ફલક પર લઈ જવાના ઉમદા હેતુથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૪ માં સંયુક્ત રાષ્ટ્ર સંઘની સામાન્ય સભા સમક્ષ ૨૧ જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવા પ્રસ્તાવ મૂક્યો હતો. આ પ્રસ્તાવ સાથે વિશ્વના ૧૯૩ દેશોએ સહમત થઈને એનો સ્વીકાર કર્યો ત્યારથી ૨૧ જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરી સમગ્ર વિશ્વમાં ૨૧મી જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે ભારત



સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાતની થીમ સાથે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે, જે અંતર્ગત કાલોલ તાલુકા શામળદેવી ગામ નજીક આવેલી શાંતિનિકેતન સ્કૂલમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી હર્ષોલ્લાસભેર કરવામાં આવી હતી. આ પ્રસંગે કાલોલ મામલતદાર વિકાસભાઈ પટેલ સાથે કાલોલ તાલુકા પંચાયત પ્રમુખ જયપાલસિંહ રાઠોડ, નગરપાલિકાના પ્રમુખ હસમુખભાઈ મકવાણા અને ઉપપ્રમુખ ગૌરાંગભાઈ દરજી, કાલોલ ભાજપ મંડળના પ્રમુખ મહિદીપસિંહ ગોહિલ, કાલોલ શહેર ભાજપ પ્રમુખ કલ્પેશભાઈ પારેખ, ડો. યોગેશ પંડ્યા સહિત સંગઠનના હોદ્દેદારો અને કાર્યકરો તેમજ નગરના આગેવાનોએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. યોગ પ્રશિક્ષકો દ્વારા વિવિધ યોગાસનો, પ્રાણાયામ અને ધ્યાનની ક્રિયાઓ કરાવવામાં આવી હતી. ઉપસ્થિત સૌએ સામૂહિક રીતે યોગ કરીને તંદુરસ્ત જીવનશૈલીનો સંકલ્પ કર્યો હતો. કાલોલની વિવિધ શાળા કોલેજમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. એમજીએસ હાઈસ્કુલ અને સી.બી.ગર્લ્સ હાઈસ્કુલ ખાતે વિદ્યાર્થીઓએ યોગ કરી, પ્રાણાયામ અને વિવિધ આસન કરી યોગ દિવસની ઉજવણી કરી હતી.

# ગોધરા વાવડી બુઝર્ગ ઝુડિયો શોરૂમ પાસે પાર્ક કરેલ સ્વિફટ કારમાં આગ લાગી

પંચમહાલ,

ગોધરાના વાવડી વિસ્તારમાં આવેલા ઝુડિયો શોરૂમ પાસે પાર્ક કરેલી એક સ્વિફ્ટ કારમાં અચાનક આગ લાગી હતી. આ ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

પાર્ક કરેલી આ કારમાં કોઈ અગમ્ય કારણોસર આગ લાગી હતી. આગ એટલી ઝડપથી ફેલાઈ કે જોતજોતામાં આખી સ્વિફ્ટ કાર આગની લપેટમાં આવી ગઈ અને સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ.

ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકોએ ફાયર ઉપકરણોની



મદદથી આગ બુઝાવવાના પ્રયાસો કર્યા હતા. ત્યારબાદ ફાયર બ્રિગેડની ટીમ પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો.

સદનસીબે, જ્યારે કારમાં આગ લાગી ત્યારે તેમાં કોઈ સવાર નહોતું. જેના કારણે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. જોકે, કારમાં આગ કયા કારણોસર લાગી તે હજુ સ્પષ્ટ થયું નથી. શોર્ટ સર્કિટ કે અન્ય કોઈ ટેકનિકલ ખામીને કારણે આગ લાગી હોઈ શકે છે, જેની તપાસ ચાલી રહી છે.

# પંચમહાલમાં ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ગોધરા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે સામૂહિક યોગાભ્યાસ યોજાયો

પંચમહાલ,

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે ૨૧ જૂને પંચમહાલ જીલ્લામાં ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૬ની ઉજવણી કરવામાં આવી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી સમગ્ર વિશ્વમાં આ દિવસની ઉજવણી થઈ રહી છે.ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તેમજ જીલ્લા વહીવટી તંત્ર, પંચમહાલ-ગોધરાના સંયુક્ત ઉપક્રમે આ કાર્યક્રમનું આયોજન ગોધરાના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ પંચમહાલના સાંસદ રાજપાલસિંહ જાદવના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે જીલ્લા ભાજપ પ્રમુખ મયંકભાઈ દેસાઈ,



જીલ્લા પંચાયત પ્રમુખ નીરજભાઈ પટેલ, જીલ્લા કલેક્ટર, જીલ્લા વિકાસ અધિકારી સહિતના ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ સામૂહિક યોગ સાધનામાં પોલીસ જવાનો, જીલ્લાના નાગરિકો, વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ શાળા-કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા અને સૌએ સાથે મળીને યોગાભ્યાસ કર્યો હતો.આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ "સ્વસ્થ જીવન માટે યોગ"ના વિશેષ સંદેશ સાથે ઉજવવામાં આવ્યો. આ થીમ આધુનિક જીવનશૈલીમાં સંતુલન લાવવા અને માનવજાતિના કલ્યાણ માટે પ્રેરણાદાયી સંદેશ પૂરો પાડે છે.

# ગોધરા તાલુકાના પંડ્યાપુરા રેલ્વે ટ્રેક પરથી મળેલ મૃતકની ઓળખ ડીસાના માણેકપુર ગામના દર્શન ઠાકોર તરીકે થઈ

પંચમહાલ,

ગોધરા તાલુકાના ટીંબા રોડ પર આવેલા પંડ્યાપુરા રેલ્વે ફાટક નજીકથી ગતરોજ મળી આવેલી ૩૦ વર્ષીય યુવકની લાશનો ભેદ ઉકેલાયો છે. રેલ્વે પોલીસે તપાસ કરતા મૃતકની ઓળખ બનાસકાંઠા જીલ્લાના ડીસા તાલુકાના માણેકપુર ગામના દર્શન ભોપતજી ઠાકોર તરીકે થઈ છે.

યુવકની ઓળખ થતાં જ રેલ્વે પોલીસે તાત્કાલિક ટેલિફોનિક માધ્યમથી તેના સગા-સંબંધીઓને જાણ કરી હતી. આ દુખદ સમાચાર મળતા જ માણેકપુર ગામના સરપંચ સહિત યુવકના પરિજનો ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા.

રેલ્વે પોલીસે જરૂરી કાયદાકીય કાર્યવાહી અને પોસ્ટમોર્ટમ પૂર્ણ કરી યુવકનો મૃતદેહ તેમના પરિજનોને સુપરત કર્યો હતો. જોકે, આ સમગ્ર ઘટનામાં હજુ પણ કેટલાક રહસ્યો અકબંધ છે. મળતી માહિતી મુજબ, મૃતક દર્શન છેલ્લા અઢી વર્ષથી સુરેન્દ્રનગરના હળવદ ગામે એક હોટલમાં નોકરી કરતો હતો.

આ સંજોગોમાં હળવદમાં નોકરી કરતો આ યુવક બનાસકાંઠા કે, સુરેન્દ્રનગર જવાને બદલે પંચમહાલ જીલ્લામાં કયા સંજોગોમાં આવી પહોંચ્યો અને તેનું મોત કેવી રીતે થયું, તે એક મોટો પ્રશ્ન છે. આ તમામ સવાલોના જવાબો મેળવવા માટે રેલ્વે પોલીસે વધુ તપાસના ચક્રોગતિમાન કર્યા છે.

# ગોધરા નજીક મોરડુંગરા પાસે અલ્ટો કાર પલટી જતા ચાર પૈકી શાળા-બનેવીનું મોત : બેને ઈજાઓ

પંચમહાલ,

ગોધરા નજીક જૂના મોર ડુંગરા પાસે એક અલ્ટો કાર પલટી જતાં અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં સાળા-બનેવીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે કારમાં સવાર અન્ય બે યુવાન ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘાયલોને તાત્કાલિક સારવાર અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

ચાલકે સ્ટેરિંગ પરનો કાબૂ ગુમાવતાં કાર પલટી પ્રાથમિક માહિતી અનુસાર, શહેરા તાલુકાના ધાંધલપુર અને છાયના ગામના ચાર મિત્ર કોઈ અંગત કામ અર્થે અલ્ટો કાર લઈને ગોધરા આવ્યા હતા. ગોધરાથી શહેરા તરફ જઈ રહેલી અલ્ટો કારના ચાલકે અચાનક સ્ટેરિંગ પરનો કાબૂ ગુમાવી દીધો હતો. જેના કારણે કાર રોડ પર પલટી ખાઈ ગઈ હતી અને આ દુર્ઘટના સર્જાઈ હતી.

ચાર મિત્ર અંગત કામ અર્થે અલ્ટો કાર લઈે ગોધરા આવ્યા હતા. શહેરા તાલુકાના ધાંધલપુર અને છાયના ગામના ચાર મિત્ર કોઈ અંગત કામ અર્થે અલ્ટો કાર લઈને ગોધરા આવ્યા હતા. ગોધરાથી પોતાનું કામ પતાવીને તેઓ ઘરે પરત ફરી રહ્યા હતા, તે દરમિયાન જૂના મોર ડુંગરા પાસે આ અકસ્માત થયો હતો.

અકસ્માતમાં કિરણ દિનેશભાઈ પટેલ અને મહેશભાઈ ખાંટનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. જ્યારે હિતેન્દ્ર પટેલ અને અન્ય એક મહેશ નામના યુવાનને ઈજાઓ પહોંચી હતી.ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગોધરાની સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. સ્થાનિક પોલીસે બંને મૃતકોના મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમ ખાતે મોકલી આપ્યા છે. પોલીસે આ મામલે અકસ્માતનો ગુનો નોંધીને કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# હાલોલ દાવડા સતનગરમાં બંધ મકાન માંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી રૂા.૨.૯૧ લાખની ચોરી કરતા તસ્કરો

હાલોલ,

હાલોલ દાવડા વિસ્તારમાં સતનગરમાં બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. ઘરના દરવાજાનું તાળું તોડી ઘરમાં તિજોરીમાં રાખેલ સોના-ચાંદીના દાગીના તેમજ રોકડા રૂા.૫૦,૦૦૦/-મળી કુલ રૂા.૨,૯૧,૫૧૦/-ની ચોરી કર્યાની ફરિયાદ હાલોલ પોલીસ મથકે નોંધાવા પામી છે.હાલોલ સતનગર દાવડા વિસ્તારમાં રહેતા અંજલી રાજેશભાઈ વાસ્તવના બંધ મકાનને અજાણ્યા ચોર ઈસમોએ નિશાન બનાવ્યું હતું. ઘરના દરવાજાનું તાળું તોડી ચોર ઈસમો ઘરમાં પ્રવેશ કર્યો હતો અને તિજોરી માંથી સોનાનું મંગળસૂત્ર કિંમત રૂા.૭૦,૦૦૦/-, સોનાનો ગળાનો સેટ કિંમ્ત રૂા.૧,૦૦,૦૦૦/-, સોનાની કંસાર કિંમત રૂા.૨૦,૪૫૦/-, સોનાની કાનમાં પહેરવાની લટકન કિંમત રૂા.૧૪,૪૦૦/-, સોનાની ચેઈન કિંમત રૂા.૨૬,૬૦૦/-, ચાંદીના પાયલ કિંમત રૂા.૩૬૦૦/-, ડાયમંડની બુટ્ટી કિંમત રૂા.૬૦૦૦/-, ચાંદીના વિછીંયા નંગ-૧ કિંમત રૂા.૪૬૦/- તેમજ રોકડા રૂા.૫૦,૦૦૦/- મળી કુલ રૂા.૨,૯૧,૫૧૦/-ની મત્તાની ચોરી કર્યાની ફરિયાદ હાલોલ ટાઉન પોલીસ મથકે નોંધાવા પામી છે.

**લુણાવાડા નગર સેવા સંદન**

**ટેન્ડર/હરાજી જાહેરાત જા.નં-૨૯૨ સનેઃ૨૦૨૫-૨૬**

આથી લુણાવાડા નગરપાલિકા તરફથી જણાવવાનું કે, નગરપાલિકામાં સેનિટેશન શાખા તેમજ અન્ય શાખા હસ્તકના ભંગાર વાહનો તથા અન્ય ભંગાર માલ-સામાન હાલ જે છે તે સ્થિતિમાં વેચવાના છે, તો તમામ રસ ધરાવતા ઈસમોને ભાગ લેવા ટેન્ડર ફી રૂા. ૫૦૦૦ (નોન રીફન્ડેબલ)તથા વાહનો માટેની ઈ.એમ.ડી. રૂા. ૧,૦૦,૦૦૦/- (રીફન્ડેબલ) અને ભંગાર માટેની ઈ.એમ.ડી.ની રકમ રૂા. ૫૦,૦૦૦/- (રીફન્ડેબલ) ચીફ ઓફીસર લુણાવાડા નગરપાલિકાના નામે રોકડા અથવા ડી.ડી. તા.૩૦/૦૬/૨૦૨૬ બપોરના ૫ઃ૦૦ કલાક સુધી નગરપાલિકા કચેરીએ ટેન્ડર ભરી જવા જણાવવામાં આવે છે.

**નોંધ :- તમામ રસ ધરાવતા ઈસમો કચેરી સમય દરમ્યાન તમામ માલ-સામાનનું નિરીક્ષણ કરી શકશે.**

સહિ/-ચીફ ઓફીસર લુણાવાડા નગરપાલિકા

સહી/-પ્રમુખ લુણાવાડા નગરપાલિકા

(માહીતી/ગોધરા/૨૩૫/૨૬)

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં**

કેસ નં. ૧૬૫/૨૦૨૬, તા.૧૫/૦૬/૨૦૨૬

અરજદાર- શ્રી સંગોડ મહેશભાઈ કેસરાભાઈ, રહે.પાવ,તા.ધાનપુર, જી.દાહોદ

વિરૂધ્ધ

સામાવાળા-તલાટી કમ મંત્રીશ્રી,પાવ, તા.ધાનપુર, જી.દાહોદ

જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જન્મની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી સંગોડ મહેશભાઈ કેસરાભાઈ તેમના પુત્રી નામે સંગોડ રીયાંશીબેન મહેશભાઈની જન્મ તા.૦૭/૦૩/૨૦૨૦ નારોજ મુ.પાવ, તા. ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પુત્રીનો જન્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.પાવ, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્રીનો જન્મના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોકત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.આજ તારીખ-૧૫ માહે જુન નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર